વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝના પતરા
• JSW | મોરબ્રાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ | પ્લાસ્ટીકના નાળવાળા | પ્લેન પતરા | સ્ક્રુ
• પોલીકાર્બોનેટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, બાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

Make Safety Your Top Priority
Application for KSB Make Fire Fighting Pumps
- Industries & Factories
- Commercial & Residential Buildings
- Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ કારતક વદ નોમ, ગુરુવાર ૧૩ નવેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

૩. 25060 કરોડના નિકાસ પ્રોત્સાહન મિશનને મંજૂરી

ટેરિફથી ઘવાયેલા ટેક્સ્ટાઈલ, લેધર, જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રને પ્રાથમિકતા

નવી દિલ્હી, તા. 12. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે નિકાસ પ્રોત્સાહન મિશન (Export Promotion Mission - EPM)ને મંજૂરી આપી છે – જે ભારતની નિકાસ સ્પર્ધાત્મકતાને મજબૂત કરવા, ખાસ કરીને MSME, પ્રથમ વખત નિકાસકારો અને શ્રમ-સઘન ક્ષેત્રો માટે કેન્દ્રીય બજેટ 2025-26માં જાહેર કરાયેલ એક મુખ્ય પહેલ છે.

આ મિશન નાણાકીય વર્ષ 2025-26થી નાણાકીય વર્ષ 2030-31 માટે 25060 કરોડના કુલ ખર્ચ સાથે નિકાસ પ્રોત્સાહન માટે એક વ્યાપક, લચીલું અને ડિજિટલ-આધારિત માળખું પ્રદાન કરશે. EPM બહુવિધ વિભાજિત યોજનાઓમાંથી એક જ, પરિણામ-આધારિત અને અનુકૂલનશીલ મિકેનિઝમ તરફ એક વ્યૂહાત્મક પરિવર્તન દર્શાવે છે જે વૈશ્વિક વેપાર પડકારો અને વિકસતી નિકાસકારની જરૂરિયાતોને ઝડપથી પ્રતિસાદ આપી શકે.

EPM વાણિજ્ય વિભાગ, MSME મંત્રાલય, નાણા મંત્રાલય અને નાણાકીય સંસ્થાઓ, નિકાસ પ્રોત્સાહન પરિષદો, કોમોડિટી બોર્ડ્સ, ઉદ્યોગ સંગઠનો અને રાજ્ય સરકારો સહિતના અન્ય મુખ્ય હિતધારકોની ભાગીદારીમાં સહયોગી માળખામાં જોડાયેલું છે.

આ મિશન બે સંકલિત પેટા-યોજનાઓ દ્વારા કાર્ય કરશે:

નિર્યાત પ્રોત્સાહન - વ્યાજ સબવેન્શન, નિકાસ ફેક્ટરિંગ, કોલેટરલ ગેરંટી, ઈ-કોમર્સ નિકાસકારો માટે ક્રેડિટ કાર્ડ્સ અને નવા બજારોમાં વિવિધતા લાવવા માટે ક્રેડિટ વૃદ્ધિ સપોર્ટ જેવા સાધનોની શ્રેણી દ્વારા MSME માટે સસ્તું વેપાર નાણાંની ઍક્સેસ સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

નિર્યાત દિશા - બિન-નાણાકીય સક્ષમકર્તાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે બજારની તૈયારી અને સ્પર્ધાત્મકતામાં વધારો કરે છે, જેમાં નિકાસ ગુણવત્તા અને પાલન સપોર્ટ, આંતરરાષ્ટ્રીય બ્રાન્ડિંગ, પેકેજિંગ અને વેપાર મેળાઓમાં ભાગીદારી માટે સહાયતા, નિકાસ વેરહાઉસિંગ અને લોજિસ્ટિક્સ, આંતરિક પરિવહન ભરપાઈ, અને વેપાર ગુપ્ત માહિતી અને ક્ષમતા-નિર્માણની પહેલોનો સમાવેશ થાય છે.

EPM વ્યાજ સમાનતા યોજના અને માર્કેટ એક્સેસ ઈનિશિયેટિવ જેવી મુખ્ય નિકાસ સપોર્ટ યોજનાઓને એકીકૃત કરે છે, તેમને સમકાલીન વેપારની જરૂરિયાતો સાથે સંરેખિત કરે છે.

આ મિશન ભારતીય નિકાસને અવરોધતા માળખાકીય પડકારોને સીધો સંબોધવા માટે રચાયેલ છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

મર્યાદિત અને મોંઘા વેપાર નાણાંની ઍક્સેસ,

આંતરરાષ્ટ્રીય નિકાસ ધોરણોનું પાલન કરવાનો ઊંચો ખર્ચ,

અપૂરતું નિકાસ બ્રાન્ડિંગ અને વિભાજિત બજારની ઍક્સેસ, અને

આંતરિક અને ઓછી-નિકાસ-સઘન પ્રદેશોમાં નિકાસકારો માટે લોજિસ્ટિક્સ ગેરફાયદા.

EPM હેઠળ, કાપડ, ચામડું, જેમ્સ અને જ્વેલરી, એન્જિનિયરિંગ માલસામાન અને દરિયાઈ ઉત્પાદનો

...અનુસંધાન પાના 11 પર

ભુટાનથી આવી મોદી લાલ કિલ્લા હુમલાના ઈજાગ્રસ્તોને મળ્યા

ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે

નવી દિલ્હી, તા. 12 (PTI). વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે એલએનજેપી હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને લાલ કિલ્લા વિસ્ફોટના પીડિત લોકોને મળ્યા હતા. પીએમએ કહ્યું હતું કે, ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે. વડા પ્રધાન લગભગ 25 મિનિટ સુધી હોસ્પિટલમાં રહ્યા હતા.

એક્સ પર એક પોસ્ટમાં મોદીએ કહ્યું, ''એલએનજેપી હોસ્પિટલ ગયો અને દિલ્હીમાં થયેલા વિસ્ફોટમાં ઘાયલ થયેલા લોકોને મળ્યો. દરેકના ઝડપથી સ્વસ્થ થઈ જાય તેવી પ્રાર્થના કરું છું.

કાવતરા પાછળના લોકોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે!'' અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભુટાનથી આવ્યા બાદ તરત જ વડા પ્રધાન વિસ્ફોટ પછી ઘાયલ થયેલા લોકોને મળવા સીધા હોસ્પિટલમાં ગયા હતા, જ્યાં ઘાયલોની સારવાર ચાલી રહી છે. જ્યાં ઘાયલોની સારવાર ચાલી રહી છે તે હોસ્પિટલમાં અને તેની આસપાસ ભારે સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, પીએમ મોદી ઘાયલોને મળ્યા અને તેમની સાથે વાતચીત કરી અને તેમના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી. અધિકારીઓએ ઉમેર્યું હતું કે, હોસ્પિટલમાં અધિકારીઓ અને ડોક્ટરો દ્વારા પણ પીએમને માહિતી આપવામાં આવી હતી.

ત્રાસવાદીઓની 6 ડિસેમ્બરે મોટો હુમલો કરવાની યોજના હતી

ધરપકડ કરાયેલા આઠ લોકોની પૂછપરછ અને તેમના પરિવાર, મિત્રો અને પાડોશીઓ સાથેની વાતચીત પછી પોલીસે તારણ કાઢ્યું

ડો. ગનીની ધરપકડ સાથે તેની યોજના નિષ્ફળ જતા તે ગભરાઈ ગયો હતો, લાલ કિલ્લા સામે થયેલો વિસ્ફોટ આકસ્મિક હતો

નવી દિલ્હી-શ્રીનગર, તા. 12 (PTI): લાલ કિલ્લા પાસે વિસ્ફોટક ભરેલી કાર ચલાવનાર ડો. ઉમર નબીની 6 ડિસેમ્બરે બાબરી મસ્જિદ ધ્વંસની વર્ષગાંઠની આસપાસ એક શક્તિશાળી વિસ્ફોટની યોજના હતી, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

ફરીદાબાદમાં કેન્દ્રિત આંતરરાજ્ય 'વ્હાઇટ કોલર' જૈશ-એ-મોહમ્મદ (જેઇએમ) ત્રાસવાદી મોડ્યુલ સાથે કથિત જોડાણ માટે ધરપકડ કરાયેલા આઠ લોકોની પૂછપરછ અને તેમના પરિવાર, મિત્રો અને પાડોશીઓ સાથેની વાતચીત પછી બધી કડીઓને ભેગી કરી યોજનાની વિગતો એકત્રિત કરવામાં આવી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

દક્ષિણ કાશ્મીરના પુલવામા જિલ્લામાં રહેતો 28 વર્ષીય ડો. ઉમર, જે 10 નવેમ્બરના રોજ લાલ કિલ્લા પર થયેલા વિસ્ફોટમાં માર્યો ગયો હોવાનું માનવામાં આવે છે તે કાશ્મીર, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં ફેલાયેલા ત્રાસવાદી

...અનુસંધાન પાના 11 પર

પોલીસે લાલ ફોર્ડ ઇકોસ્પોર્ટ કાર શોધી કાઢી

કાર હરિયાણાના એક ફાર્મ હાઉસમાં મળી આવી, એનએસજીની ટીમ સ્થળે પહોંચી

આ કાર મુખ્ય શંકાસ્પદ ડો. ઉમરના નામે નોંધાયેલી છે

નવી દિલ્હી, તા. 12 (PTI): દિલ્હી પોલીસે લાલ કિલ્લા વિસ્ફોટ કેસ સાથે જોડાયેલી શંકાસ્પદ લાલ ફોર્ડ ઇકોસ્પોર્ટ કારને બુધવારે શોધી કાઢી છે. દિલ્હી પોલીસે આ બાબતની પુષ્ટી કરી હતી. આ પહેલાં પોલીસે આ કારને શોધવા માટે રાષ્ટ્રીય રાજધાનીના તમામ પોલીસ સ્ટેશનો, ચોકીઓ અને સીમા ચોકીઓ પર એલર્ટ જારી કર્યું હતું.

એલર્ટ બાદ દિલ્હી પોલીસે પોતાની સતર્કતા વધારી દીધી હતી. પોલીસને આ વાહન શંકાસ્પદો સાથે હોવાના અહેવાલ મળ્યા હતા. જોકે,

...અનુસંધાન પાના 11 પર

દિલ્હી વિસ્ફોટના તાર તુર્કી સાથે જોડાયા

નવી દિલ્હી. હરિયાણા અને ઉત્તર પ્રદેશ પછી દિલ્હી વિસ્ફોટના તાર તુર્કી સાથે જોડાયેલા હોય તેવું લાગે છે. વિસ્ફોટ થયો હતો તે કાર ચલાવવાના શંકાસ્પદ ડો. મોહમ્મદ ઉમર નબી અને ધરપકડ કરાયેલો ડોક્ટર મુઝમ્મિલ શકીલ, જેના ઠેકાણાથી 2,900 કિલો વિસ્ફોટકો મળી આવ્યા હતા, આ બંને જૈશ-એ-મોહમ્મદના હેન્ડલર્સ સાથે મળવા માટે તુર્કી ગયા હતા. રાષ્ટ્રીય તપાસ એજન્સીએ (એનઆઈએ) દિલ્હી કાર વિસ્ફોટોની તપાસ વધુ તીવ્ર બનાવી છે, અને સૂત્રોએ આ નવો તુર્કી એંગલ જાહેર કર્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે તપાસકર્તાઓ માને છે કે 'વ્હાઇટ-કોલર ત્રાસવાદી મોડ્યુલ'ના સભ્યોની તુર્કીની યાત્રાઓ તેમના મજબૂત થવામાં મુખ્ય પરિબળ હતી. તુર્કીથી પાછા ફર્યા પછી, મોડ્યુલે દેશભરમાં તેનું નેટવર્ક વિસ્તૃત કરવાનું નક્કી કર્યું. ડો. મુઝમ્મિલ ફરીદાબાદમાં અલ-ફલાહ મેડિકલ કોલેજમાં જોડાયો હતો. ઉલ્લેખનીય છે કે 10 નવેમ્બરની સાંજે, દિલ્હીના

...અનુસંધાન પાના 11 પર

બે નવા એક્ઝિટ પોલ્સે પણ બિહારમાં NDAના વિજયની આગાહી કરી

આરજેડી સૌથી મોટો પક્ષ બનશે: એક્સિસ માય ઈન્ડિયા, એક્સિસ માય ઇન્ડિયા મુજબ એનડીએ 121-141 બેઠકો અને મહાગઠબંધન 98-118 બેઠકો જીતશે

એનડીએને 160 બેઠકો જ્યારે મહાગઠબંધનને 77 બેઠકો મળશે: ટુડેઝ ચાણક્ય

નવી દિલ્હી, તા. 12 (PTI): બુધવારે બે નવા એક્ઝિટ પોલમાં બિહારમાં એનડીએની જીતનો સંકેત આપવામાં આવ્યો છે, જેમાં એક્સિસ માય ઇન્ડિયાએ શાસક ગઠબંધનને સ્પષ્ટ લીડ બતાવી છે અને ટુડેઝ ચાણક્યએ મહાગઠબંધન પર તેની મોટી જીતની આગાહી કરી છે.

બંને એક્ઝિટ પોલમાં આગાહી કરાઈ છે કે પ્રશાંત કિશોરના જન સુરાજનું ચૂંટણી પદાર્પણ નિરાશાજનક છે.

એક્સિસ માય ઇન્ડિયાના એક્ઝિટ પોલમાં આગાહી કરવામાં આવી છે કે એનડીએ બિહારમાં મહાગઠબંધનથી આગળ રહેશે પરંતુ આરજેડી સૌથી મોટા પક્ષ તરીકે ઉભરીને આવશે જ્યારે શુક્રવારે વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થશે.

એક્સિસ માય ઇન્ડિયાએ એનડીએને 121-141 બેઠકો અને મહાગઠબંધનને 98-118 બેઠકો જીતવાની આગાહી કરી છે. તેણે જન સુરાજને 0-2 બેઠકો આપી છે.

ટુડેઝ ચાણક્યએ આગાહી કરી હતી કે ભાજપ અને તેના સાથી પક્ષોને 160 બેઠકો મળશે (12 બેઠકો પ્લસ-માઈનસ સાથે), જ્યારે આરજેડી અને તેના સાથી પક્ષોને 77 બેઠકો મળશે (12 બેઠકો પ્લસ-માઈનસ સાથે).

તેમાં આગાહી કરવામાં આવી હતી કે ભાજપ અને તેના સાથી

...અનુસંધાન પાના 11 પર

દિલ્હી ડાયરી

રાહુલ ગાંધી ગર્ગને શ્રદ્ધાંજલિ આપવા ખૂબ મોડા પહોંચ્યા

જ્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી તાજેતરમાં લોકપ્રિય આસામી ગાયક, સિંગાપોરમાં તેમના અવસાનના લગભગ એક મહિના પછી, ઝુબીન ગર્ગને શ્રદ્ધાંજલિ આપવા માટે આસામ પહોંચ્યા ત્યારે આ મુલાકાતના કેટલાક રાજકીય પાસાંઓ પણ ઊભરીને સામે આવ્યાં. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કોઈ સમય બગાડ્યા વિના તેના પર નિશાન સાધ્યું. શર્માએ ગાંધી પર નિશાન સાધતાં કહ્યું કે, કોંગ્રેસના નેતા ૨૮ દિવસ ખૂબ મોડેથી પહોંચ્યા છે અને તેમના (રાહુલ ગાંધી) પર આસામ પ્રત્યે ઉદાસીનતાનો આરોપ લગાવ્યો. શર્માએ આરોપ લગાવ્યો કે, ૨૦૧૧માં ભારત રત્ન

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૨-૧૧-૨૦૨૫નું વડોદરા શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૧.૦° સે.	૧૫.૮° સે.	૭૮%

દિલ્હી વિસ્ફોટ બાદ ફરીદાબાદમાં આવેલી અલ-ફલાહ યુનિવર્સિટી ચર્ચામાં

અલ-ફલાહ યુનિવર્સિટીના 40 ટકા ડોક્ટરો કાશ્મીરના છે, એમબીબીએસની ફી 74 લાખ છે.

1997માં એન્જિનિયરિંગ કોલેજ તરીકે શરૂ થઈ હતી, તેમાં એમબીબીએસ અભ્યાસ 2019માં શરૂ થયો

ફરીદાબાદ, તા. 12 (PTI): 'વ્હાઈટ કોલર મોડ્યુલ' અને દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટના સંબંધમાં ત્રણ ડોક્ટરોની ધરપકડ બાદ હરિયાણાના ફરીદાબાદ જિલ્લાના મુસ્લિમ બહુમતી ધરાવતા ધૌજ ગામમાં આવેલી અલ-ફલાહ યુનિવર્સિટી અને તેનો 76 એકરનો વિશાળ કેમ્પસ સમાચારોમાં છે. યુનિવર્સિટી તપાસના દાયરામાં આવી છે. શિક્ષિત વ્યક્તિઓ પાકિસ્તાન સમર્થિત લોકોના ઈશારે કામ કરતા હોવાનું જાણવા મળ્યા પછી યુનિવર્સિટી આવા વ્યક્તિઓ માટે કેવી રીતે આશ્રય સ્થાન બની તે તપાસકર્તાઓ તપાસ કરી રહ્યા છે.

યુનિવર્સિટીની વેબસાઇટ મુજબ તેની સ્થાપના હરિયાણા વિધાનસભા દ્વારા હરિયાણા ખાનગી યુનિવર્સિટી કાયદા હેઠળ કરવામાં આવી હતી. તેની શરૂઆત 1997માં એન્જિનિયરિંગ કોલેજ તરીકે થઈ હતી. 2013માં, અલ-ફલાહ એન્જિનિયરિંગ કોલેજને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી 'એ' શ્રેણીની માન્યતા પ્રાપ્ત થઈ. 2014માં, હરિયાણા સરકારે તેને યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો. અલ-ફલાહ મેડિકલ કોલેજ પણ આ યુનિવર્સિટી સાથે જોડાયેલી છે. તે 70 એકરમાં ફેલાયેલી છે.

શરૂઆતના વર્ષોમાં અલ-ફલાહ યુનિવર્સિટી લઘુમતી વિદ્યાર્થીઓ માટે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને જામિયા મિલિયા ઈસ્લામિયાના આશાસ્પદ વિકલ્પ તરીકે ઉભરી આવી હતી. એમબીબીએસ અભ્યાસ 2019માં શરૂ થયો હતો. તેની ફી 74 લાખ રૂ.રૂ. છે. યુનિવર્સિટીના 40 ટકા ડોક્ટરો કાશ્મીરના છે.

આ યુનિવર્સિટી ત્રણ કોલેજોમાં શિક્ષણ આપે છે: અલ-ફલાહ સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, બ્રાઉન હિલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, અને અલ-ફલાહ સ્કૂલ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ.

યુનિવર્સિટીમાં 650 પથારીવાળી એક નાની હોસ્પિટલ છે, જ્યાં ડોક્ટરો દર્દીઓની મફત સારવાર કરે છે. તેમાં એમઆરઆઈ, સીટી સ્કેન અને ખાસ બ્લડ ટેસ્ટ જેવી અત્યાધુનિક સુવિધાઓ છે.

શંકાના ઘેરામાં આવેલી અલ ફલાહ યુનિવર્સિટીએ બુધવારે જણાવ્યું હતું કે આ ઘટનાના સંબંધમાં ધરપકડ કરાયેલા તેના બે ડોક્ટરો સાથે તેનો ફક્ત વ્યાવસાયિક સંબંધ છે અને તે કમનસીબ ઘટનાઓથી દુઃખી છે.

ત્રાસવાદ સાથે જોડાયેલા ડોક્ટરોથી પોતાને દૂર રાખતા, યુનિવર્સિટીએ એક નિવેદનમાં ભારપૂર્વક કહ્યું હતું કે તે એક જવાબદાર સંસ્થા છે અને દેશ સાથે એકતામાં ઉભી છે.

'આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓથી

...અનુસંધાન પાના 11 પર